## ‘ધ પાકિસ્તાન પેરાડોક્સ’ વિષય પર આઇઆઇટી ગાંધીનગર ખાતે પ્રવચન

# પાકિસ્તાન રાજકીય રીતે ભાંગી પડવાને આરે: ક્રિસ્ટોફ જેફ્રલોટ

- ફ્રાન્સના જેફ્રલોટ દક્ષિણ એશિયાના રાજકારણના વિશેષજ્ઞ છે

**ભાસ્કર ન્યૂઝ. અમદાવાદ**

ભારતીયો માટે પાડોશી પાકિસ્તાન માત્ર એક દુશ્મન દેશ છે, પરંતુ સોમવારે ડૉ. ક્રિસ્ટોફ જેફ્રલોટે પાકિસ્તાનનું જે ચિત્ર દર્શાવ્યું તે પરથી લાગે કે સતત અસ્થિરતા અને અરાજકતાથી ભરેલો આ પાડોશી રાજકિય અને ભૌગોલિક રીતે ભાંગી પડવાને આરે છે. ફ્રાન્સના ડૉ. જેફ્રલોટ દક્ષિણ એશિયાના રાજકિય પ્રવાહોના વિશેષજ્ઞ છે અને તેમણે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી, ગાંધીનગરના ચાંદખેડા કેમ્પસમાં જુલાઈ, 2014માં પ્રગટ થનારા તેમના પુસ્તક ‘ધ પાકિસ્તાન પેરાડોક્સ ઇન્સ્ટેબિલિટી એન્ડ રેસિલિએન્સ’ વિશે વાત કરી.

1947 થી અત્યાર સુધી



પાકિસ્તાનમાં આવેલા રાજકિય પરિવર્તનો અને તેને અસર કરનારા વંશીય, સામાજિક પરિબળોની ઊંડી છણાવટ કરતાં ડૉ. જેફ્રલોટે જણાવ્યું કે, જ્યારે પાકિસ્તાન બન્યું ત્યારે કટ્ટર ઈસ્લામિક દેશ બનાવવાનો આગ્રહ રાખતાં જમાત-એ-ઉલેમા-એ-ઈસ્લામના નેતાઓને વડાપ્રધાન લિયાકતઅલીએ પ્રોગ્રેસિવ (વિકાસશીલ) ઈસ્લામની દિશામાં દેશને લઈ જવા માટે સમજાવ્યા હતાં. જો કે, 1974માં ઝુલ્ફિકારઅલી ભૂટ્ટો દ્વારા અહેમદિયા મુસ્લિમોને ‘નોન-મુસ્લિમ’ અને લઘુમતીમાં સામેલ કરતો બંધારણીય સુધારો થયો ત્યારથી આ દેશમાં કટ્ટરવાદી ઈસ્લામિક વિચારધારાને ઉત્તેજન મળવા લાગ્યું. તેમણે કહ્યું કે, હાલમાં પાકિસ્તાનનાં સૈન્ય ખર્ચનો ચોથો ભાગ અમેરિકાની આર્થિક મદદથી પોષાય છે. જ્યારે ‘નેટો’નાં સુરક્ષા દળો પરત ખેંચાશે ત્યારે હાલમાં અફઘાનિસ્તાનમાં શરણ લઈ બેઠેલા તાલિબાનો ઈસ્લામાબાદ સર કરવાની તૈયારી કરી શકે છે. જો એમ થશે તો પાકિસ્તાન એક કરતાં વધુ ટુકડાઓમાં પણ વહેંચાઈ શકે છે.

તેમણે કહ્યું કે, પાકિસ્તાનમાં સરેરાશ દર અગિયાર વર્ષે સૈન્ય અને નાગરિક શાસન વચ્ચે સત્તા પરિવર્તન થતું રહ્યું છે. છેલ્લી ચૂંટણી એકમાત્ર ચૂંટણી છે, જ્યાં પાકિસ્તાનની સરકારે પાંચ વર્ષ પૂરું શાસન કર્યું અને હવે ચૂંટણી બાદ વિરોધ પક્ષ સત્તામાં આવ્યો છે અને સત્તા પક્ષ વિરોધ પક્ષમાં છે.

Meet 25 Universities & Colleges